# ચિકનગુનિયા અને ડેન્ગ્યુ એક જ મચ્છરથી ફેલાય છે?

**(આ વખતે ચિકનગુનિયાના કેસ વધારે છે?)**
**(ચિકનગુનિયા અને ડેન્ગ્યુ એક જ મચ્છરથી ફેલાય છે?)**

આજે વિપુલને બ્લડ બેંકમાં રજા હતી. સથી પહેલા વિપુલ વડની નીચે આવીન બેસી ગયો. વિપુલથી રહેવાયું નહીં એટલે એને ડાહ્યાભાાઈ, ગાંડાભાઈ અને નિલેષને ફોન કર્યો. કેટલીવાર છે જલદી કરો. મળવાનો ટાઈમ થઈ ગયો. આતો



અઠવાડિયાનું ટોનિક છે. દર અઠવાડિયે એકાદ કલાક ભેગા થઈ ચર્ચા કરીએ, વિચાર કરીએ, એકબીજાના અનુભવ શૅર કરીએ એટલે વાત જામી જાય. બાકી આમ તો કોને ટાઈમ છે. પહેલા પણ ટાઈમ નહોતો અને હવે તો કોરોનાએ સાવ જુદા કરી નાખ્યા. ઓછામાં ઓછું ઘરની બહાર નીકળવું અને ઘરમાં વધારે પડતું રહેવું. ઘરમાં વધારે પડતા રહેવાથી વાણસ તો ખખડે જ નાના - નાના મુદ્દા પર ઘરમાં વિવાદ થાય. એકબીજાની સામે આવી જાય. પતિ-પત્ની અને નવા પરણેલા કપલ કંઈક નવાજુની કરવા માંડે. વર્ષને અંતે ખબર પડશે કે ભારતની વસ્તીમાં અચાનક ઉછાળો આવશે. નવરા માણસો, વિચાર શૂન્ય માણસો આના સિવાય બીજું શું કરે ? વિપુલ બોલતો હતો અને ગાંડાભાઈ સાંભળતાં હતા. ગાંડાભાઈથી રહેવાયું નહીં... અલ્યા, વિપુલ.... કોરોનામાં કેટલા માણસો હોમાઈ ગયા એની તને ખબર છે?

વસ્તી-વધારાની વાતો કરે છે પણ જો તો ખરો ૫૦ વર્ષથી ઉપરના તો કેટલાક માણસો કોરોનાને લીધે ભગવાનના ત્યાં જતા રહ્યા. કેટલાય, ૨૦, ૩૫, ૨૨ વર્ષના જુવાનીયાઓ પણ જતા રહ્યા. એમની ગણતરી કોણ કરશે ? ડાહ્યાભાઈ પોતાની મૂછ ઉપર આંગળી ફેરવી રહ્યા હતા. કંઈ ના બોલાવું એમને મનોમન નક્કી કરી નાખ્યું હતું. છતાં ડાહ્યાભાઈ બોલ્યા, જો વિપુલ, ડાહ્યાભાઈ તમારી વાત હું શાંતિથી સાંભળું છું. એનો મતલબ એ નથી કે મારે સાચી વાત ના કહેવી જોઈએ. કોરોનામાં ઘણા મૃત્યુ થયા છે. એની ના નહીં પણ આપણા વૉરિયર્સ, ડૉકટર મિત્રોએ આખી દુનિયામાં દાખલો બેસાડી દીધો છે કે, ભારતમાં કોરોનાનું સંક્રમણ વધ્યું છે પણ છતાં ડૉકટરોએ રંગ રાખ્યો છે. ૨ ટકા કરતા પણ ઓછાં લોકો ભારતમાં કોરોનાના કારણે ગુજરી ગયા છે એનું શ્રેય ૨૪ કલાક મહેનત કરતાં આપણાં ડૉકટર, નર્સ, પેરામેડિકલ સ્ટાફ વગેરેને જાય છે. એ લોકોએ ખરેખર સારી




મહેનત કરી છે. ગાંડાભાઈ ટાહુક્યા, ડાહ્યાભાઈ તમે વધારે પડતાં ડાહ્યા છો. કેટલાંક છબરડાં દવાખાનાનો બાર નથી આવ્યા. કેટલાક લોકો ડૉકટર, લેબોરેટરી સામે કમ્પલેઈન કર્યા કરે છે. કોઈ કહે છે સરખી દવા નથી થતી. કોઈ કહે છે. સારું જમવાનું નથી મળતું, કોઈ કહે છે લેબોરેટરીના ટેસ્ટમાં, બે લેબમાં ટેસ્ટ કરાવાતો રિઝલ્ટ જુદાં જુદાં આવે છે. (D-dimer) નો રિઝલ્ટ દરેક લેબમાં જુદું આવે છે.

IL-6 અને CRPનો રિપોર્ટ પણ દરેક લેબરોટરીમાં જુદાં જુદાં આવે છે. કોઈ કહે છે હોસ્પિટલમાં ઓક્સિજનની નળી નાખી રાખે છે પણ ઓક્સિજન નથી હોતો, કોઈ હોસ્પિટલમાં ડૉકટર બરાબર જોવા નથી આવતા. દિવસમાં એક જ વાર ડૉકટર દેખાય. ડાહ્યાભાઈથી રહેવાયું નહીં... ગાંડાભાઈ દરેક સિક્કાની બે બાજુ હોય છે... ગ્લાસમાં અડધું પાણી ભરેલું હોય તો કોઈ એણ કહે અડધો ગ્લાસ પાણી છે. તો બીજો કહે ગ્લાસ તો ભરેલો પણ અડધું પાણી છે અને અડધી હવા છે. સમજણશક્તિ અને જોવાની નજર ઉપર આધાર છે. જો વિપુલ અને ગાંડાભાઈ કોરોનાએ એક વિચિત્ર, કદાચ મેઈડમેન અથવા તો ઓરિજનલ વાયરસ છે. જેની માહિતી દુનિયાના ડૉકટરો પાસે નથી. દરેક વાયરસ પોતાની રીતે જુદો જુદો હોય છે. સાદો ઈન્ફલુએન્ઝા વાયરસ, $H_1N_1$ સ્વાઈન ફલુનો વાયરસ, ઝિકા વાયરસ, ચાઈનીઝ વાયરસ, અને કોરોના વાયરસ અને એમાં ઉમેરીએ તો ડેન્ગ્યુનો વાયરસ, ચિકનગુનિયાનો વાયરસ. બધા વાઈરસ છે છતાં પણ માનવજાત ઉપર એ જુદીજુદી રીતે પોતાનું અસ્તિત્વ સાબિત કરે છે. કોઈ પણ વાયરસની ૧૦૦ ટકા સાચી રસી બનાવી શકાઈ નથી. છતાં પણ ડૉકટરો પોતપોતાની રીતે મહેનત કરી વૈજ્ઞાનિકો જેમ કહે છે તેમ માનવજાતની સેવા કરે છે. કોરોના વાયરસ દુનિયા માટે નવો જ છે. એટલે વૈજ્ઞાનિકો અને ડૉકટરો પોતપોતાની રીતે રોજ-રોજ નવું સંશોધન કરે છે.

જયાં સુધી કોરોના વાઈરસની રસી નહીં બને ત્યાં સુધી આ બધું સહન કરવું પડશે. લેબના ટેસ્ટ વિશે જો કહીએ તો દરેક લેબમાં કેમિકલ કીટ, અને મશીન અલગ-અલગ કંપનીના હોય છે. એટલે વિશ્વાસ રાખીને ટેસ્ટ કરાવવો જોઈએ. એટલે જ્યાં સુધી તમને દવા આપતા ડૉકટર ના કહે ત્યાં સુધી એક જ લેબ ઉપર શ્રદ્ધા રાખવી જોઈએ. આ સિઝનમાં સામાન્ય રીતે ડેન્ગ્યુ અને મેલેરિયા વધારે પ્રમાણમાં જોવામાં આવે. આટલા વર્ષોમાં આટલા બધા ચિકનગુનિયાના દર્દીઓ જોવા મળ્યા નથી. આ વર્ષે ડેન્ગ્યુનું પ્રમાણ નહિવત છે. જયારે ચિકનગુનિયા ખૂબ પ્રમાણમાં છે. તાવ આવે, હાથ-પગના સાંધા દુઃખે, સોજા આવે, લોહીનો રિપોર્ટ નોર્મલ હોય તો ચિકનગુનિયા જ ઘણી લેવું. કારણ કે PCR ટેસ્ટ જ પોઝીટીવ આવે છે. ખૂબ ખર્ચાળ છે. કાર્ડ ટેસ્ટ અને Elisa ટેસ્ટમાં ચિકનગુનિયા એન્ટી બોડી અને એન્ટીજન ખૂબ મોડા આવે છે. જયાં સુધી દર્દી સાજો થઈ ગયો હોય. ડેન્ગ્યુ અને ચિકનગુનિયા એક જ મચ્છરથી થાય છે. છતાં ડેન્ગ્યુ ખૂબ ઓછા છે અને ચિકનગુનિયા વધારે છે. કેમ...!? એનો જવાબ કોઈની પાસે નથી... પણ જે થાય એ આપણે શોધી કાઢવાનું ને એ પ્રમાણે આપણે દવા લેવાની. પણએ સારું છે કે કોઈ મરતું નથી...

- shraddhablood@gmail.com

# નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના પ્રથમ વાઈસ ચાન્સેલર તરીકે ડો. જે.એમ. વ્યાસની નિમણૂંક

ગાંધીનગર, તા.૪

ભારત સરકારે પાર્લામેન્ટમાં બીલ પસાર કરીને ગુજરાતની ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીને નેશનલ સાયન્સિસ યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો છે. તદુપરાંત આ યુનિવર્સિટીને ઈન્સ્ટિટયુશન ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

દેશ અનો દુનિયાની સૌપ્રથમ એવી કેન્દ્રીય ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના પ્રથમ વાઈસ ચાન્સેલર તરીકે ડૉ. જેમ એમ વ્યાસની નિમણૂંક કરવામાં આવી છે. આજના ડિજિટલ યુગમાં ગુન્હાના ઉકેલમાં તેમજ ગુનેગારોને સજા અપાવવામાં ફોરેન્સિક સાયન્સિસનો ઉપયોગ આવશ્યક બની ગયેલ છે. દેશ અનો દુનિયામાં ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીની શાખાઓ શરુ કરવામાં આવશે. જેમાં ફોરેન્સિક એજન્યુકેશન ઉપરાંત રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, તાલીમ અને કન્સલ્ટન્સી ઉપર ભાર મૂકવામાં આવશે.

ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજા દ્વારા ડૉ. જેમ એમ વ્યાસને પુષ્પગુચ્છ આપી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ડૉ. જે એમ વ્યાસની નિમણૂક એ ગુજરાત માટે આનંદ અનો ગૌરવની બાબત છે.





સ્મિત ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ અને ગાંધીનગરના બાળકોને ગાંધીજયંતી નિમિતે સાબરમતી રીવરફ્રન્ટ ગાર્ડન ખાત્તે બાળકોને રમત ગમત,સંસ્કૃતિક નૃત્ય, કરાવવા માં આવ્યા. તથા મહાત્મા ગાંધીજીના કરેલ કર્યો વિષે માર્ગદર્શન આપમાં આવ્યું. તે ઉપરાંત નાના ભૂલકાઓ દ્વારા નાટક પણ રજુ કરવા માં આવ્યું હતું. સ્મિત ફાઉન્ડેશનના ફાઉન્ડર જીત પારેખ અને આંનદ પારેખ દ્વારા ગાંધીજી તથા લાલ બહાદુર શાસ્ત્રીના મહાન કર્યો વિષે સમજણ પણ આપવામાં આવી હતી અહિયાં ઉપસ્થિત મહેમાંનો કિંજલભાઈ પટેલ, ઉમેશભાઈ સથવારા, નીતિન રાજપૂત, વંશભાઈ પટણી, સાક્ષીબેન સોલંકી, હાજર રહ્યા હતા.

## એસ કે પટેલ સ્કૂલમાં સ્વચ્છતા ભારત અભિયાનનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ કે પટેલમાં ગાંધી જયંતિ નિમિત્તે ગાંધી બાપુના આદર્શો પર આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છ ભારત અભિયાનનો જે સંકલ્પ નક્કી કર્યો હતો, તે આદર્શો પર સ્કૂલના બાળકોએ ઘરમાં રહીને સ્વચ્છ કરવામાં મમ્મીઓને મદદ કરવીને તેના ફોટોગ્રાફ મોકલ્યા હતા. આ કાર્યક્રમમાં વાલીઓએ પણ ખૂબ જ સપોર્ટ કર્યો હતો.





# એસ.વી. અને એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ઓનલાઈન સ્વચ્છતાનો કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૩

સર્વ વિધ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી.એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં શુક્રવારના રોજ ગાંધીજયંતી નિમિત્તો શિક્ષકોએ ઓનલાઈન સ્વચ્છતા અંગે સમજ આપી તેમજ વિદ્યાર્થીઓએ પોતાના પરિવાર સાથે સ્વચ્છતા અંગે પ્રતિજ્ઞા લીધી હતી.આ પ્રવૃતિમાં વાલી તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.



સેકટર-૩ ખાતે આવેલ એસએસવી શાળામાં ગાંધી જયંતી ના તહેવારની ઓનલાઈન ઉજવણી કરવામાં આવી હતી. તેમાં વિદ્યાથીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ ગાંધીજીના ચિત્રો બનાવી તેમાં રંગ પૂર્યા હતા, વૈષ્ણવજન નો તેને કહીએ તે ભજન સાથે ગાંધીજીને યાદ કર્યા હતા.

# લંડન સ્થિત સંસ્થા વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના નેશનલ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે દિવ્ય ત્રિવેદીની નિમણુંક

**લંડનના સાંસદ અને સંસ્થાના સ્થાપક સભ્ય વીરેન્દ્ર શર્મા દ્વારા દિવ્ય ત્રિવેદીની પસંદગી કરાઈ**

ગાંધીનગર, તા. ૪

લંડન સ્થિત અંતર રાષ્ટ્રીય સંસ્થા વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા ગાંધીનગરના યુવાન દિવ્ય ત્રિવેદીની નેશનલ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિમણુંક કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે લંડન સ્થિત મળેલ બેઠકમાં સંસ્થાના સ્થાપક સભ્ય અને બ્રિટિશ સંસદના સાંસદ્સભ્ય વીરેન્દ્ર શર્મા, દિવાકર શુકલ, આઈપીએલના પૂર્વ ચેરમેન રાજીવ શુક્લ, સંતોષ શુક્લ દ્વારા દિવ્ય ત્રિવેદીની નેશનલ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિમણુંક કરવામાં આવી હતી. સંસ્થા નું મુખ્ય કાર્ય જે તે વ્યક્તિ , સમાજ અને સંસ્થા કે સરકારી સંસ્થા એ કરેલ અનોખા કાર્ય બદલ સિર્ટીફીકેટ આપીને સન્માન કરે છે અને તેને અનોખી સિદ્ધિ બદલ નોંધ પણ લેવામાં આવે છે. અગાઉ સંસ્થા દ્વારા ભારત ના ગૃહમંત્રી અમિત શાહ જી, નેપાળ રાષ્ટ્રના



પ્રધાનમન્ત્રી કે પી શર્મા ઓલી, ગુજરાત રાજયના મુખ્યમન્ત્રી વિજયભાઈ રૂપાણી, હરિયાણા મુખ્યમન્ત્રી મનોહરલાલ ખટ્ટર, ઉત્તરપ્રદેશ અને મધ્ય પ્રદેશ ના રાજયપાલ શ્રીમતી આનંદીબેન પટેલ, રાજયના મહિલા અને બાળ વિકાસ મઁત્રી શ્રીમતી વિભાવરીબેન દવે સહીત અનેક અગ્રણીઓને તેમની સિદ્ધિ બદલ સન્માન કરીને વિશ્વ રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો છે. દિવ્ય ત્રિવેદીની નિમણુંક બદલ સંસ્થના માર્ગદર્શક મુરલી મનોહર જોશીજી, કલરાજ મિશ્રાજી, આઈપીએલ ના પૂર્વ ચેરમેન અને રાજ્યસભાના સાંસદ શ્રી રાજીવ શુક્લ , સંસ્થાના ભારતના અધ્યક્ષ સંતોષ શુક્લ,ડાયરેક્ટર અશ્વિન ત્રિવેદી સહીત કોર્પોરેટ જગતના અગ્રણીઓ અને બ્રહ્મસમાજના આગેવાનોએ દિવ્ય ત્રિવેદીને અભિનંદન પાઠવ્યા હતા અને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.




વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. પ્રિ-પ્રાઈમરીના બાળકો એ ગાંધીજી બની ને ‘સ્વચ્છ ભારત મિશન’ ને સાકાર કરવાના પ્રયત્નો કર્યા હતા. અને ગાંધીજીની પ્રિય વસ્તુ ચરખાના ચિત્રો દોરી રંગ પૂર્યા હતા. પ્રાઈમરી તથા સેકન્ડરીના બાળકો માટે ‘મેરે સપનો કા ભારત’ થીમ રાખવામાં આવી હતી. જેમાં ‘માય ડ્રીમ ઈન્ડિયા’ વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

## જન્મદિને વધામણી



શિવશંકર દવે
લેખક, નિવૃત્ત નાયબ સચિવ
મો. ૯૪૨૭૬ ૦૦૩૧૬



દેવયાનીબેન એસ પટેલ



નિકુંજ મિસ્ત્રી
મો. ૮૯૮૦૮ ૯૬૨૧૪



શ્રેયાંશ
નરેશભાઈ પરમાર
મો. ૭૮૦૧૯ ૨૫૫૩૦



ભાવેશ પટેલ



બિંદુ ગોવિંદભાઈ રાવળ
મો. ૭૦૪૬૮ ૯૯૭૦૨



ડાભી રુદ્રસિંહ યોગેન્દ્રસિંહ
મો. ૯૭૨૬૮ ૦૭૩૧૬



મૌર્ય અમન
અશોકકુમાર



પેરીન ભાવેશભાઈ પટેલ